# ગુજરાત આયુર્વેદ યુનિવર્સિટી, જામનગર
## બોટાનિકલ ગાર્ડન વિભાગ

નં.આયુ/ યુનિ/બીજી/૨૦૧૪–૨૦૧૫/ ૪૩૦ — તા.૧૧–૦૪–૨૦૧૪

પ્રતિ,
મદદનિશ કુલસચિવશ્રી,
કુલપતિશ્રી કાર્યાલય,
ગુજરાત આયુર્વેદ યુનિવર્સિટી,
જામનગર

**વિષય:–ટોલ ફ્રી ના એફ.એ.કયુ. માં પુછાતા બોટાનિકલ ગાર્ડન વિભાગના પ્રશ્નો અને તેના જવાબ.**

મહાશય,

જયભારત સાથ જણાવવાનુ કે, તા. ૨૯–૦૩–૨૦૧૪ની આપની ઓફિસ નોટમાં જણાવ્યા મુજબ ટોલ ફ્રી નંબરમાં પુછાતા પ્રશ્નો અને તેના જવાબ નીચે મુજબ છે.

પ્ર–૦૧ બોટાનિકલ ગાર્ડન વિભાગ હેઠળ કેટલા ગાર્ડનો આવેલા છે ?

જ–૦૧ ગુજરાત આયુર્વેદ યુનિવર્સિટીના બોટાનિકલ ગાર્ડન વિભાગ હેઠળ સસોઇ ડેમ ઉપર ૨૫ એકરનું ગાર્ડન આવેલું છે તેમજ યુનિવર્સિટી કેમ્પસમાં નાના–મોટા ૨૨ ગાર્ડનો આવેલા છે.

પ્ર–૦૨ બોટાનિકલ ગાર્ડન વિભાગનું મૂખ્ય કાર્ય શુ છે ?

જ–૦૨ યુનિવર્સિટી, અંતર્ગત આવતી વિવિદ્ય શૈક્ષણિક સંસ્થાઓ જેવી કે, બી.એ.એમ.એસ., એમ.ડી. પી.એચ.ડી., બી.ફાર્મ, એમ.ફાર્મ, એમ.એસ.સી. વગેરેના અભ્યાસક્રમમાં આવતી વનસ્પતિઓનો ઉછેર કરવો, સંરક્ષણ–સવર્ધન કરવા. નિદર્શન કરવું. સંશોધન કાર્યમાં ઉપયોગી આવશ્યક વનસ્પતિઓ ઉપલબ્ધ કરાવવી, સામાન્ય શહેરીજનો, ગ્રામ્યજનો ને વનસ્પતિ અંગે જાગૃત કરવા વગેરે કાર્ય બોટાનિકલ ગાર્ડન અંતર્ગત કરવામાં આવી રહયા છે.

પ્ર–૦૩ આંગણમાં વાવવા માટે રોજ બરોજ ઉપયોગમાં આવતી કઈ કઈ વનસ્પતિઓ હોય છે ?

જ–૦૩ ઘર આંગણામાં વાવવા માટે તુલસી, નગોડ, અરડુંસી, લીલી ચા, કુવારપાઠુ, ફુદીનો વગરે વનસ્પતિ રોજ બરોજના ઉપયોગમાં આવતી હોવાથી વાવી શકાય.

પ્ર–૦૪ સ્કુલ, કોલેજ સંસ્થામાં પટાંગણમાં કયા કયા પ્રકારના વૃક્ષો વાવી શકાય ?

જ–૦૪ સ્કુલ, કોલેજ તથા સંસ્થાના પટાંગણમાં લીમડો, બોરસલી, અરડુસી, નગોડ, પુત્રજીવક, અશોક, કરંજ, કાંચનાર, બીલી, ચંદન, મહુડો, હરડે, બહેડા, આમળા, અંકોલ, પારિજાત, ગરમાળા, વગેરે વૃક્ષોનું વાવેતર કરી શકાય.

પ્ર–૦૫ બોટાનિકલ ગાર્ડન પાસે મેડીસીનલ પ્લાન્ટ તથા ઓર્નામેન્ટલ પ્લાન્ટ તૈયાર કરવા નર્સરી છે.

જ–૦૫ બોટાનિકલ ગાર્ડન વિભાગના ધન્વન્તરી મંદિર ગાર્ડનમાં અંદાજે ૮૦૦૦ થી ૧૦,૦૦૦ મેડીસીનલ પ્લાન્ટ તથા ઓર્નામેન્ટલ રોપાઓ તૈયાર કરી શકાય તેવી નર્સરી છે.

આભાર સહ

આપનો વિશ્વાસુ

(ડો. બી.આર.પટેલ)
ઓ.એસ.ડી.

C:\Users\Bliss\Desktop\Botanical Garden\BOTA-2.doc